# વલભી બાલગુલાલ

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન મિશન
સૌ ભણે સૌ આગળ વધે

અંક : ૧ | માસ : જાન્યુઆરી | વર્ષ : ૨૦૧૨

## સોપાન


- સ્કૂલ ન્યૂઝ ફ્લેશ
- વર્ગખંડની અટારીએથી-૧
- વર્ગખંડની અટારીએથી-૨
- સાયબર સફર
- જાણ્યું અને માણ્યું
- પ્રેરક પ્રવૃત્તિ
- બાલદોસ્તો માટે જ્ઞાન ગંગોત્રી
- ભૂલકાઓનું સર્જન
- મારી કલા



૨૬મી જાન્યુ.ની વિવિધ સ્પર્ધા બી.આર.સી. ભવન, વલભીપુર


બી.આર.સી. વલભીપુર આયોજીત શિક્ષકોનો ફ્રેન્કલી ક્રિકેટ ટુર્નામેન્ટ-૨૦૧૨


સી.આર.સી.મુળધરાઈ ફેબ્રુ-૨૦૧૨ તાલીમમાં ચિંતન શિબિરનું કાર્ય



સી.આર.સી. તરીકે પસંદગી પામતા મહાવીરસિંહ ઘેલડાનો હરિઓમ શાળામાં વિદાય સમારંભ


આઈ.ઈ.ડી. દિવાળી કેમ્પ-બી.આર.સી.ભવન-વલભીપુર.


મોણપુર પ્રા.શાળાની વિજ્ઞાન મેળામાં સિધ્ધિ

## તંત્રી સ્થાનેથી...



# વલભી બાલગુલાલ


બી.આર.સી. વલભીપુર
દ્વારા પ્રસિદ્ધ થતું
માસિક મુખપત્ર
વલભી બાલ ગુલાલ

વર્ષ-૧ અંક-૧
માસ-જાન્યુઆરી-૨૦૧૨



**તંત્રી**
હેમરાજસિંહ ચૌહાણ
કો.ઓર્ડિનેટર
બી.આર.સી. વલભીપુર

**સહતંત્રી**
મહાવીરસિંહ ઘેલડા
બીનાબેન ઉપાધ્યાય

**સંપાદક મંડળ**
જીતુભાઈ દુમાદીયા
મહેશભાઈ નાવડિયા
પ્રદિપસિંહ મોરી
રાજેન્દ્રસિંહ સોલંકી
કનકસિંહ પરમાર
કુમારકાન્ત મકવાણા
પ્રકાશભાઈ ડોબરીયા
અમીતભાઈ પટેલ
ભગવતસિંહ સોલંકી

**પરામર્શક**
મમતાબેન ચૌહાણ
રવજીભાઈ ગાબાણી

**કાર્યાલય**
બી.આર.સી. ભવન,
હરિઓમનગર
વલભીપુર-૩૬૪૩૧૦.
brc.bvn.vallbhipur@gmail.com
mahavirsinhghelda@gmail.com


વ્હાલા ગુરૂજનો તથા બાલ દોસ્તો,

તાલુકાની છેવાડાની શાળાથી મધ્યમાં આવેલી શાળામાં આપ સૌ આપની કુનેહથી શિક્ષણની જ્યોત પ્રજવલિત કરી રહ્યા છો. બાલ દોસ્તો પણ પોતાની શક્તિઓ વડે કંઈક હટકે કરી રહ્યા છે. આપણી શાળાઓમાં તમારા દ્વારા થયેલી નાવીન્યપૂર્ણ, પ્રેરણાદાયી કાર્યો અને સર્જનાત્મક પ્રવૃત્તિઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપી બળવત્તર કરી વેગ આપવાના ઉમદા હેતુથી વલભીપુર બ્લોકનું મુખપત્ર 'વલભી બાલ ગુલાલ' આપના હાથમાં મૂકતા હું ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

હવેથી દર માસે પ્રગટ થતા આ અંકમાં અલગ અલગ ૮ સોપાનો માં (૧) સ્કૂલ ન્યુઝ, ફ્લેશ(શાળાની નાવીન્યપૂર્ણ પ્રવૃત્તિની હાઈલાઈટ), (૨) વર્ગ ખંડની અટારીએથી(વર્ગમાં આપના દ્વારા થતા નાવીન્યપૂર્ણ પ્રયોગો) (૩) સાયબર સફર (કમ્પ્યુટરલક્ષી) (૪) બાલ દોસ્તો માટે જ્ઞાન ગંગોત્રી (ક્વિઝ, જાણવા જેવું, પઝલ્સ વિ.) (૫) પ્રેરક પ્રવૃત્તિ(વર્ગખંડની પ્રેરણાદાયી પ્રવૃત્તિ (૬) જાણ્યું અને માણ્યું (બાળકે અનુભવેલું, જોયેલુ, પોતાનું વર્ણન) (૭) ભૂલકાઓનું સર્જન(વિદ્યાર્થીઓ દ્વારા થયેલ સર્જનાત્મક કામ) (૮) મારી કલા (બાળકો દ્વારા તૈયાર થયેલ ચિત્ર) જેવા વિભાગો રહેશે. અંકમાં કાલ્પનિક લેખ, ઉપદેશ કે બોધ આપતા લેખો આપવાનું ટાળશું.

તો વહાલા દોસ્તો, તમારી પ્રેરણાદાયી પ્રવૃત્તિ અને સર્જન તાલુકાના અન્ય દોસ્તો માટે એક દીવાદાંડી બનાવીએ. તે માટે પ્રયત્ન કરીશું તેને તમારા સુધી અવશ્ય પહોંચાડીશું.

## લેખકોને આમંત્રણ

- આપણાં શિક્ષણકાર્યમાં ઉપયોગી બને, વિષય શિક્ષણની ગુણવત્તા વધારે તથા બાળકના સર્વાંગિણ વિકાસને વેગ આપે તેવા વર્ગખંડમાં થતા વાસ્તવિક કાર્ય કરેલા લેખો આવકાર્ય છે.
- લેખો A4 સાઈઝના એક પેઈઝમાં મૌખિક, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે જોડણીદોષ રહિત હોવા જોઈએ. આપના લેખ E-mail દ્વારા પણ મોકલી શકો છો.
- લેખ સંપાદક મંડળને પસંદ પડશે તો જ યોગ્ય અવકાશે સમાવેશ થશે. આપની શાળામાં બાળકો દ્વારા કરવામાં આવેલી પ્રવૃત્તિઓને આ
- સામયિકોમાં મહત્તમ સ્થાન આપવાનું હોય પ્રવૃત્તિ-લેખો આવકાર્ય છે. લેખમાં પ્રગટ થતા વિચાર, વિગત સાથે તંત્રી શ્રી કે સંપાદક મંડળ સહમત છે તેમ માનવું નહી.



# વલભી બાલગુલાલ

## વર્ગખંડની અટારીએથી - ૧

તા.૧-૧૨-૦૮ ના રોજ હું ગોહિલ કુલવિરસિંહ તથા અજયભાઈ અમે બંને વલભીપુર તાલુકાની શ્રી રાજસ્થળી પ્રાથમિકશાળામાં નિમણુંક પામ્યા. શાળા નાની તથા સુંદર અને બાળકો પણ સારા. મને ધો.૬ નો વર્ગ આપવામાં આવ્યો. મેં મારો પરિચય આપી. બાળકોનો પરિચય મેળવી દરેક વિષય ને અનુરૂપ થોડી પ્રશ્નોતરી કરી. બાળકોએ એક વિષયને છોડી બધાં વિષયમાં સારા જવાબો આપ્યાં. તે વિષય હતો અંગ્રેજી ત્યારે જ મેં મનોમન નક્કી કર્યું કે બાળકોને સારામાં સારું અંગ્રેજી શીખવવા હું પૂરતા પ્રયત્નો કરીશ.

'ધરમના કામમાં ઢીલ શેની' પ્રથમ દિવસથી જ બાળકોને એ.બી.સી.ડી. લખાવી, ત્યારબાદ અંગ્રેજી કક્કો અને બારાક્ષરી શીખવી બાળકો અંગ્રેજી વાંચતા થયા, મારો ઉત્સાહ વધ્યો, બીજા વર્ષે ધો.૬ માં આજ બાળકોના અંગ્રેજી વાંચન લેખન પર વધુ ભાર મૂક્યો. હવે બાળકો સારી રીતે અંગ્રેજી વાંચી અને લખી શકતા હતા. પણ જે કચાશ હતી તે અંગ્રેજી શબ્દ ભંડોળની. આ કચાશ દૂર કરવા માટે મારા ભાઈ કે જે હાલ જામનગર જિલ્લાની ખંભાળિયા તાલુકાની સુતરિયા પ્રાથમિક શાળામાં ફરજ બજાવે છે. તેમણે મને 'અંગ્રેજી સ્પેલિંગ અંતાક્ષરી' રમત રમાડવાની પ્રેરણા આપી.

આ રમતની પૂર્વતૈયારી રૂપે મેં ધો.૮ -૭ ના બાળકો પાસે એક નવી ફોરલાઈનની નોટબુક લેવરાવી, જેમાં દરરોજ તેમને ગમતા અને નવા ૧૦ સ્પેલિંગ લખવા અને પાકા કરવા આપ્યાં. દસ દિવસ પછી મેં બાળકોને આ રમત રમાડી. ધો.૬ થી ૭ ના બાળકોને સરખી સંખ્યામાં ગૃપ-એ તથા ગૃપ-બી માં વહેંચી દીધા. પછી હું પોતે એલીફન્ટ નો સ્પેલિંગ બોલ્યો અને રમતની શરૂઆત કરી. છેલ્લા આલ્ફાબેટ પરથી ટીમ એ સ્પેલિંગ બોલે એ રીતે રમત આગળ ચાલી. નિશ્ચિત સમયમાં (૧૦ સેકન્ડ) સામેની ટીમ સ્પેલિંગ ન બોલે તો બીજી ટીમ વિજેતા થાય. પ્રથમ વખતની આ રમત ફક્ત ૧૦ મિનિટ મેં અઠવાડિયામાં સોમવારે અને શુક્રવારે બે દિવસ આ રમત રમાડવાની વાત કરી.

હવે બાળકોને આ રમતમાં વિશેષ રસ પડ્યો. તેઓ ડિક્ષનરી, પાઠ્યપુસ્તક, અન્ય અંગ્રેજી સાહિત્ય માંથી સ્પેલિંગો શોધી લખવા અને પાકા કરવા માંડ્યા. આ બે વારની તેઓ આતુરતાપુર્વક રાહ જોવે. જેવો સોમવારે કે શુક્રવાર આવે એટલે મારા તાસમાં પોતાના ગૃપમાં સરસ રીતે બેસી જાય. વર્ગમાં પ્રવેશું ત્યાં આ રમતની દરેક પ્રકારની તૈયારી કરી રાખે અને રમતની શરૂઆત થાય, બાળકોમાં અનેરો આનંદ જોઈ, મારો ઉત્સાહ વધ્યો ૧૦ મિનિટમાંથી ૧૫ મિનિટ, ૨૦ મિનિટ, ૩૫ મિનિટ, ૪૫ મિનિટ અને ક્યારેક ૧ કલાક સુધી કોઈ ટીમ હાર માનવા તૈયાર ન થતી. તેમાંય જ્યારે વારંવાર ઈ, એન, વાય જેવા આલ્ફાબેટ આવે ત્યારે ખૂબ જ મજા આવતી ધીમે ધીમે મેં પણ ન સાંભળ્યા હોય તેવા શબ્દોનો બાળકો ઉપયોગ કરતાં ત્યારે મારે ડીક્ષનરી નો ઉપયોગ કરવો પડતો.

એક દિવસ મને વિચાર આવ્યો કે આ રમત દ્વારા બાળકોના અંગ્રેજી શબ્દ ભંડોળમાં કેટલો વધારો થયો, તેની ચકાસણી કરું, એટલે મેં એક સોમવારે બાળકોને સાંજે ૪ થી ૫ ના (૧ કલાકના) સમયગાળામાં જેટલા સ્પેલિંગ આવડે તેટલા સ્પેલિંગ મોઢે લખવા કહ્યું. કેટલાંય બાળકોએ ૨૫૦ જેટલા સ્પેલિંગ લખ્યા. એમાં ૪ બાળકોએ તો ૩૦૦ પછી ૩૫૦ સ્પેલિંગ લખ્યા હતાં. અને હજું તેઓને વધુ સમય આપવામાં આવે તો તેઓ હજી ઘણાં સ્પેલિંગ લખી શકે તેમ હતા. મને આ રમત દ્વારા મારા ધાર્યા કરતાં ખૂબ જ સારું પરિણામ મળ્યું. મેં બાળકોને હૃદયપુર્વક ખૂબ ખૂબ અભિનંદન આપ્યા.

આ 'અંગ્રેજી સ્પેલિંગ અંતાક્ષરી' ની રમત દ્વારા બાળકોનું અંગ્રેજી વાંચન, લેખન તેમજ શબ્દ ભંડોળ માં ખૂબ સારા પ્રમાણમાં વિકાસ થયો. બાળકોને આ વિષયમાં રસ જાગ્યો. આ વિષયનો બાળકોના મનમાં જે ડર હતો તે દૂર થયો. આ રમત દ્વારા બાળકો અંગ્રેજી વિષયની નજીક આવ્યા જે પેલા તેનાથી દૂર ભાગતા હતા. અંગ્રેજી પણ સરળતાથી શીખી શકાય એમ સમજી રસપૂર્વક શીખવા લાગ્યા. મેં જે વાત હાજર થયો ત્યારે નક્કી કરી હતી તે પૂરવાર થતી જણાઈ. હજુ પણ હું આ રમત બાળકોને રમાડું છું અને તેઓ એટલા જ ઉત્સાહપૂર્વક રમે છે. આજે આ રમત દ્વારા મારા વર્ગમાં ૭૦% બાળકો તેમની કક્ષા મુજબનું અંગ્રેજી વાંચન કરી શકે છે.

કુલવીરસીંહ ગોહીલ-રાજસ્થળી પ્રા.શાળા

બાળક એ હસતુ-ખીલતું ફૂલ છે. તે ખીલે પહેલા જ મુરઝાય ન જાય તેનું ધ્યાન આપણે જ રાખવું જોઈએ.





પ્રાથમિક શાળાના વિવિધ વિષયો પૈકી માતૃભાષા ગુજરાતી અને ગણિતને ખુબ જ મહત્ત્વ આપવામાં આવે છે. માતૃભાષા એ વિદ્યાર્થી ની દૂધભાષા છે. તેના વડે તે પોતાના વિચારો અભિવ્યક્ત કરે છે અને બીજાના વિચારો જાણી શકે છે. સમજી શકે છે. તેથી તેનું મહત્ત્વ હોય તે સમજી શકાય તેવું છે. પણ ગણિત આવડે તે વિદ્યાર્થી હોશિયાર ગણાય છે. વિદ્યાર્થીની આવડતની પારાશીશી તેનું ગણિતનું જ્ઞાન સામાન્યતઃ ગણાય છે. ગણિત જ્ઞાનના માપદંડ વડે દરેક વિદ્યાર્થી ને માપવમાં આવે છે. ગણિતનું આટલું મહત્ત્વ શા માટે છે ? તેનું કારણ કદાચ તેમાં રહેલ તર્ક હશે. ગણિત એ તર્કનો વિષય છે.

ગણિતની એક મુશ્કેલી પણ છે. ગણિત એ સાતત્યપૂર્ણ વિષય છે. એટલે તેના જુદા જુદા વિષયાંગો એક બીજા પર આધારિત છે. તેથી એક વિષયાંગમાં વિદ્યાર્થીની કચાશની અસર બીજા વિષયાંગના અધ્યયન પર પડે છે. પરિણામ એક વિષયાંગ નબળો રહે કે કાચો રહે છે. તો બીજા વિષયાંગો પણ નબળા રહે છે. તેથી ગણિતમાં સરવાળા, બાદબાદી, ગુણાકાર અને ભાગાકારને પાયાના કૌશલ્યો ગણાવી શકાય તેમાં જો કચાશ રહી જાય તો વિદ્યાર્થી ગણિતમાં જોઈએ તેટલી પ્રગતિ કરી શકતો નથી. અને હંમેશને માટે નબળો રહે છે.

## શિક્ષણ માં નિદાન અને ઉપચાર

નિદાન શબ્દ તબીબી ક્ષેત્રમાંથી શિક્ષણ ક્ષેત્રે ઉછીનો લીધેલો છે. તબીબી ક્ષેત્રમાં તેની અગત્ય ઘણાં લાંબા સમયથી સ્વીકારવામાં આવી છે. તબીબી નિદાન કેટલાંક શારીરિક ચિહ્નો જેવાં કે તાવ, ઉધરસ, મરડો વગેરેથી શરૂ થાય છે. ત્યાર પછીનું પગલું એ આ ચિહ્નો પાછળના કારણો નક્કી કરવાનું છે. જ્યારે તે કારણો શોધવામાં આવે ત્યારે તબીબી ઉપચારથી તે દૂર કરી શકાય છે. આ રીતે "ઉપચાર પહેલાં નિદાન" ઉક્તિનો સાર્થક કરે છે.

## :: નિદાનની પ્રવિધિ ::

નિદાનના સ્વરો-શૈક્ષણિક નિદાનની પ્રક્રિયા પાંચ સોપાનો અથવા સ્વરોમાં વિભાજિત થયેલી વિચારી શકાય. આ સ્તરો નીચે પ્રમાણે આલેખિન કરેલ છે.

૫. ભૂલ કેમ અટકાવી શકાય ?
૪. ક્યા ઉપાયો સૂચવ્યા છે ?
૩. ભૂલ શા માટે થાય છે ?
૨. ભૂલ ક્યાં થાય છે ?
૧. ક્યા વિદ્યાર્થીને મુશ્કેલી છે ?

## :: ઉપચારાત્મક શિક્ષણ ::

તબીબી દર્દનું નિદાન કરે અને નિદાન કર્યા પછી ઉપચાર ન કરે તો નિદાન નો કશો અર્થ રહેતો નથી. તેથી તબીબી નિદાન પછી જેમ ઉપચારની જરૂર પડે છે તેમ શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીની કચાસનું નિદાન કર્યા પછી ઉપચારાત્મક શિક્ષણ આપવું જરૂરી છે. તો જો ન આપવામાં આવે તો નિદાનનો કશો અર્થ રહેતો નથી.

મિતેશભાઈ પટેલ-નવાગામ (લો.) પ્રા.શાળા

"બાળક એક મહાગ્રંથ છે એને ધૈર્યપૂર્વક વાંચવો જોઈએ."



મહાવીરસિંહ ડી. ઘેલડા
સી.આર.સી. મૂળધરાઈ
૯૯૨૪૦૬૮૭૫૦

# સાયબર સફરે...



## Google માં e-mail id કઈ રીતે બનાવવું ?

સૌ પ્રથમ ઓનલાઈન થઈ www.google.com પર જાઓ. ત્યારબાદ તેના ઓપ્શનમાંથી gmail પર ક્લીક કરો. તેમાં નવું પેઈઝ ખૂલશે તેની જમણી બાજુના ખૂણે new to gmail લખેલ હશે. બસ તેની બાજુમાં Create an account એવું લખેલ હશે.તેના પર ક્લીક કરો. તેમાં નવું પેઈઝ ખૂલશે. તે ફિલ્ડમાં બધી માગેલ માહિતી પૂરો. Next Step પર ક્લીક કરો. તમારી પ્રોફાઈલમાં તમારો ફોટો મૂકવા માગતા હો તો તમારો ફોટો અપલોડ કરો પછી Next step પર ક્લીક કરો. તેમાં wel come નોટ દેખાશે તેના છેડે Continue to gmail પર ક્લીક કરો. તમારું ઈમેલ id બની ગયું છે. તે ઉપર પ્રોસેસ થતું બતાવશે. તે તમારૂં ઈ-મેઈલ અડ્રેસ છે. તેને યાદ રાખવું જરૂરી છે. તમારે લોગઈન થવા તે id ની જરૂર પડે છે. હવે તમારું id ખૂલશે. તેમાં ત્રણ gmail team ના મેઈલ ઈનબોક્સ માં બતાવશે. આ તમારું id બની ગયું. હવે, લોગ આઉટ થવા પેઈજ ના જમણા ખૂણે Sign out(સાઈન આઉટ) લખેલ હશે તેના પર ક્લીક કરતા તમે લોગ આઉટ થઈ જશો. id બંધ કરતાં પહેલા લોગઆઉટ થવું અત્યંત જરૂરી છે.

વધુ આવતા અંકે....

## :: વલ્લભીપુરનો ઈતિહાસ ::

હાલના ભાવનગર જિલ્લાનુંવલભીપુર પ્રાચીન મૈત્રકવંશ ( ૪૭૦– ૭૮૮ ઈ.સ.)ની રાજધાની અને વિદ્યાપીઠ પ્રાકૃતમાંવલહિ ' કે વલહી ' તરીકે ઓળખાતી. વલભી ' શબ્દનાંકોશગત બે અર્થ મળે છે. (૧) છાપરૂંવાસંનું, માણસ કે છજ ટેકવવાનુંચોકઠું, ઢળતા છાપરાની પાંખ, ઘરની અણીદાર ટોચ. (૨) ઘરની સહુથી ટોચનો ભાગ સપાટ છાપરા પરનુંશિરોગૃહ કે કામચલાઉ બાંધકામ તો ઉંચી બહુમાળીનો અર્થ પણ સુચવતી હોય આ નગરી નદીની બે શાખાઓ વચ્ચે આવેલ ઉચ્ચ પ્રદેશ પર વસેલી હોય એના મકાન ઉંચા છાપરા જેવા કે મકાનોનાંછાપરા શિરોગૃહ જેવા દેખાતા હોય એ ઉપરથી તે નગરનુંનામ વલભી ' પડયાની સંભાવના ડો. આર.એન.મહેતા વ્યકત કરે છે. **(Valabhi of the maitrakas, J.O.I Vol XIII P.250)** તો રસીકલાલ પરીખ આ દ્રશ્ય શબ્દ હોય તેના બે અર્થ સૂચવે છે. (૧) વલહી ‸ કપાસ (૨) વલહી‸ વેલા સમુદ્ર કાંઠા પર આવેલુ સ્થળ ( ગુજરાત રાજધાનીઓ અમદાવાદ ઈ.સ.પૂ.૧૬–૧૭) આમ જયા કપાસનો પાક બહુ થતો હશે તે સ્થળ...

આ પ્રાચિન નગરી છે. સ્કંદપુરાણના પ્રભાસ ખંડમાંનુંવૈયસ્વતના પુત્ર શર્યાલિના સંદર્ભમાં આનો ઉલ્લેખ કરાયો છે. પાણિનિના ગણપાઠ બૃહત્કથામંજરી, કથા સરિત્સાગર, જેવા પ્રાચિન ગ્રંથોમાંઆનો વાણિજય– વિદ્યાના કેન્દ્ર તરીકે થયેલ નિર્દેશ તેની પહેલી સદી જેટલી પ્રચિનતા સિધ્ધ કરે છે, જૈન અનુશ્રુતિઓ પણ તેની પ્રાચિનતા સુચવે છે. વલભી ઈ.સ. ૪૭૦ના અરસામાંમૈત્રકોની રાજધાની બની ત્યારથી તેની સમૃધ્ધિ સતત વિકસતી ગઈ. મૈત્રક કાળથી તે જૈન ધર્મનુંપ્રમુખ કેન્દ્ર હતી. અહીંનાગાર્જુનાચાર્યના અધ્યક્ષપણે જૈન આગમ ગ્રંથોની વાચના તૈયાર થઈ હતી. (લગભગ ઈ.સ.૩૦૦) આ પછી આચાર્ય ક્ષમાશ્રવણ દ્વારા પણ ૪૫૩માંપુનઃસમીક્ષિત વાચન– પાઠાંતર સાથે તૈયાર કરાયેલ.

મૈત્રક ભટ્ટાર્કે અહીમૈત્રક વંશની સ્થાપના કરી પોતાની રાજધાની સ્થાપી(૪૭૦). આ પૂર્વે મોર્યથી ગુપ્તકાળસુધી સૌરાષ્ટ્રનું પ્રમુખ નગર ગિરીનગર(હાલનુંજૂનાગઢ) હતું. મૈત્રક વંશની સ્થાપના થયા પછી તેની સત્તા સમૃધ્ધિનો ઉત્તરોત્તર વિસ્તાર વિકાસ થતા વલભી પણ સમૃધ્ધિથી છલકાવા લાગી. એક વિદ્યાધામ તરીકે પણ તે દૂર સુદૂર પ્રખ્યાત હતી. વલભીનાંશાસકોમાંમોટાભાગનાં પરમ માહેશ્વર' હોય અહીંકેટલાક ભવ્ય શિવાલય પણ બંધાયા હશે, જેના અવશેષ રૂપ વિશાળ ભવ્ય લિંગો અને નંદીઓ અદ્યાપિ મોજુદ છે, અલબત એ સમયનુંએક પણ મંદિર હયાત નથી. તો વૈષ્ણવ અને સૌર સંપ્રદાયને પણ એટલુ જ મહત્વ મળ્યુ હતું. એક સમયે તે બૌધ્ધ ધર્મનુંપણ પ્રમુખ કેન્દ્ર હતું. મૈત્રક કાળ દરમિયાન અહીંકેટલાક બૌધ્ધવિહાર પણ બંધાયા હતા.

લગભગ ત્રણસો વર્ષ સુધી મૈત્રકોની રાજધાની તરીકે સત્તાની સમૃદ્ધિની ટોચે રહેલ વલભીનાં વિનાશ અંગે અનેક જન શ્રુતિઓ છે. શીલાદિત્ય–૭ના સમય દરમિયાન મૈત્રક રાજયનો અંત આવ્યો. આ અંગેની મળતી જનશ્રુતિઓને વિશ્વસનીય ન માનીએ તો પણ વલભી પર સિંધના અરબ સુબામ્લેચ્છાધિપતિની સેનાએ દરિયાઈ આક્રમણથી વલભીનો અંત આવ્યાનુંચોકકસ છે. (વિ.સં.૮૪૫, ઈ.સ. ૭૮૮) વલભી પર આક્રમણ અંગેની પૂર્વ માહિતી અલ્પાંશ જૈનોને મળી ત્યારે ત્યાની પ્રમુખ જૈન પ્રતિમાઓને અન્યત્ર ખસેડી લઈ તેઓ પણ ત્યાંથી સ્થળાંતર કરી જઈ મોઢેરામાં જઈ વસ્યાંતેવી પ્રબંધોમાંમળતી કથા ખરી જણાય છે. અતતઃ સમય જતા ખંડેરોમાંફેરવાઈ ગઈ. અલબત મૈત્રકો પછી અહીંવાળાઓએ

ક્રમશઃ

ઈર્ષા આપણા વિકાસને અટકાવે છે.



# પ્રેરક પ્રવૃત્તિ...

# વલભી બાલગુલાલ

વલભીપુરની કે.વ.શાળા નં.૧ માં મદદનિશ શિક્ષક તરીકે ફરજ બજાવતા ઉત્સાહી યુવાનશ્રી હસમુખભાઈ મેર કે જેમણે ધો.૫ ના વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં એકમ-૧૪ પ્રકાશ અને તેના ગુણધર્મો ખૂબ જ સરળ રીતે બાળકો સમક્ષ મૂકવાની એક પ્રવૃત્તિ તેમણે આપેલ છે. જેમાં બાળકોને વર્ગમાં પ્રકાશના કુદરતી ઉદગમ્ સ્થાનોના ચિત્રો જેવા કે, સૂર્ય, તારા, આગીયો તથા કૃત્રિમ ઉદ્‌ગમ સ્થાને જેવા કે દીવો, બેટરી, મીણબત્તી, બલ્બ, ફાનસ, ટ્યુબલાઈટના સરસ મજાના કોમ્પ્યુટરાઈઝ્ડ પ્રિન્ટ કાઢી બાળકો પાસે રંગપૂરણી કરાવેલ. આમ, આ રીતે એક પ્રેરક ઉદાહરણ પુરૂ પાડેલ છે. તેમને 'વલભી વિચાર' તરફતી ધન્યવાદ સહ અભિનંદન. આજ રીતે વિજ્ઞાનના એકમોને જ્ઞાન સાથે ગમ્મતથી શીખવી શકાય.(શિક્ષક મિત્રો તરફથી આવા લેખ આવકાર્ય છે.)

## બાલ દોસ્તો માટે જ્ઞાન ગંગોત્રી

(૧) ભાવનગર જિલ્લાના તાલુકા કેટલા છે ?

(૧) ૧૦ (૨) ૧૧ (૩) ૯ (૪) ૧૨

(૨) વલભીપુરના પાદરમાંથી કઈ નદી પસાર થાય છે ?

(૧) શેત્રુંજી (૨) ભાદર (૩) કાળુભાર (૪) ઘેલો

(૩) મારે ત્યાં ગરમ પાણીના ઝરા આવેલા છે ?

(૧) સાપુતારા (૨) લસુન્દ્રા (૩) કાસીન્દ્રા (૪) અલીદ્રા

(૪) બાળ લેખિકા તરીકે જાણીતા થયેલા મહિલા કોણ ?

(૧) કુન્દનિકા કાપડિયા (૨) ધીરૂબેન પટેલ (૩) સરોજ પાઠક (૪) તારાબેન મોડક

(૫) 'મૂછાળીમાં' તરીકે જાણીતા બાળ કેળવણીકાર ક્યાં ગામના હતા.

(૧) ભાવનગર (૨) વલભીપુર (૩) સણોસરા (૪) વાળુકડ

(વિદ્યાર્થી મિત્રો સાદી ટપાલમાં જવાબ સરનામા પર મોકલવા- સાચા જવાબ આપનાર નામ પ્રસિદ્ધ કરાશે.)

## :: જાણવા જેવું ::

(૧) મહાત્મા ગાંધીના નિર્વાણ સમયે તેમના છેલ્લા શબ્દો ક્યાં હતા ?
(અ) હે કૃષ્ણ ! (બ) હે ભગવાન ! (ક) હે રામ ! (ડ) હે પ્રભુ !

(૨) ભારતમાં મકરસંક્રાંતિના દિવસથી ક્રમશઃ ધીમે ધીમે સૂર્ય કઈ દિશા તરફ ખસતો જતો દેખાય છે ?
(અ) પૂર્વ (બ) દક્ષિણ (ક) પશ્ચિમ (ડ) ઉત્તર

(૩) નીચેનામાંથી કઈ ઊર્જાનો ઉદ્‌ભવ પ્રદુષણયુક્ત છે ?
(અ) પવન ઊર્જા (બ) કોલસા દહન ઊર્જા (ક) જળ ઊર્જા (ડ) સામુદ્રિક ઊર્જા

(૪) ભારતમાં અંગ્રેજ શાસનની સ્થાપના ક્યાં યુદ્ધના પરિણામથી થઈ હતી ?
(અ) પ્લાસીનું યુદ્ધ (બ) ત્રીજુ પાણિ પતનું યુદ્ધ (ક) બકસરનું યુદ્ધ (તાલી

(૫) ભારતમાં પ્રજાસત્તાક દિને એટલે કે ૨૬ મી જાન્યુઆરીના રોજ લાલ કિલ્લા, દિલ્લી પરથી ત્રિરંગો ઝંડો કોણ ફરકાવે છે ?
(અ) રાષ્ટ્રપતિ (બ) વડાપ્રધાન (ક) લોક સભા (ડ) મુખ્ય ન્યાયધીશ

- શ્રી રંગપુર પ્રા. શાળા

જવાબ (૧) ક (૨) ડ (૩) બ (૪) અ (૫) અ

સ્નાનથી તન, દાનથી ધન, સહનશીલતાથી મન અને ઈમાનદારીથી જીવન શુદ્ધ બને છે.

વલભી બાલગુલાલ



જયદીપ એમ. ઝાલા
ધો.૮,
માનસ કુમાર પ્રાથમિક શાળા

# શૈક્ષણિક પ્રવાસનો અહેવાલ

શ્રી માનસ કુમાર શાળા અને માનસ કન્યા શાળાના શૈક્ષણીક પ્રવાસનું આયોજન કરેલ. જે તારીખ ૩-૧-૨૦૧૨ થી ૭-૧-૨૦૧૨ દિન ૪ દિવસ અનેત્રણ રાત્રીનું આયોજન કરવામાં આવેલ.

તા.૩-૧-૨૦૧૨ ના મંગળવારના રોજ રાત્રે ૧૧ કલાકે નિકળી સવારના ૫ વાગ્યે નવારણુજા પહોંચ્યા. કડકડતી ઠંડીમા અમે આરતીનો લાભ લીધો અને ચા-નાસ્તો કર્યા બાદ જુદી જુદી મૂર્તિઓના દર્શન કર્યા બાદ અમે જામનગર જવા રવાના થયા. જામનગરમાં અમે આધુનીક ઈલેક્ટ્રીક સ્મશાન ગૃહ નિહાળ્યું. આ સ્મશાનગૃહમાં અમે રામાયણની ઝલક નિહાળી ખુબ જ આનંદ થયો. ત્યારબાદ બાદ અમે બેટ દ્વારકા રવાના થયા. બેટ દ્વારકા અમે દરિયાઈ સફરની મોજ માણી, દ્વારકાધીશના દર્શન કર્યા. ત્યાંથી પરત થતા રાત્રે ૮ વાગ્યે અમે નાગેશ્વર મંદીરના દર્શન કર્યા. નાગેશ્વરમાં અમે શંકર ભગવાનની વિશાળ મૂર્તિના દર્શન કર્યા. ત્યારબાદ  દ્વારકામાં ધર્મશાળામાં રાત્રી રોકાણ બાદ સવારે ગોમતી ઘાટ જવા ગોમતી નદીનો સમુદ્ર સાથેનો સંગમ નિહાળ્યો. ત્યારબાદ અમે હરસિધ્ધિ માતાના દર્શન કર્યા. ડુંગર પર આ આવેલું મંદિર અત્યંત રમણીય હતું. ત્યારબાદ અમે પોરબંદર અને રાત્રી મુસાફરી દ્વારા સોમનાથ પહોંચ્યા. સોમનાથનું મંદિર જોઈ ઈતિહાસની ઝાખી નજરે પડી. દરિયાકિનારે આવેલું આ મંદિર ખૂબ જ સુંદર લાગ્યું. બાર જ્યોર્તીલિંગમાંનું આ મંદિર અત્યંત આકર્ષક લાગ્યું. ત્યારબાદ અમે, જુનાગઢ પહોંચી ઉપરકોટમાં અડીકડી વાવ, રા-નવઘણનો કુવો, મહેલ તેમજ ડુંગર પર આવેલું તળાવ નિહાળ્યું. ત્યાં અમે ફોટોગ્રાફી પણ કરી. ઉપરકોટથી નીચે આવ્યા બાદ આકાશ દર્શન નીહાળ્યું. જુનાગઢમાં અમે સક્કર બાગમાં અમે જુદા જુદા દેશના પ્રાણીઓ, પક્ષીઓ જોઈ અમને ખૂબ જ આનંદ થયો. ત્યારબાદ અમે વીરપુર પહોચ્યાં. ત્યાં અમે જલારામ બાપાના દર્શન કર્યા. ત્યાં જઈને થોડી ખરીદી કરી. ત્યારબાદ અમે ગોંડલ સ્વામી નારાયણ મંદિર તરફ રવાના થયા. ગોંડલમાં આવેલું સ્વામી નારાયણનું સુંદર મંદિર, અત્યંત રમણિય લાગ્યું.

આમ, ૫ દિવસ અને ૩ રાત્રીના પ્રવાસનું આ આયોજનમાં ભોજનની વ્યવસ્થા ખૂબ જ સુંદર હતી. જુદા જુદાં દિવસે અલગ અલગ ભોજન મેનું રાખવામાં આવ્યું હતું. માનસ પરિવારના ગુરુજનો એ સહકાર આપ્યો હતો.

## શ્રી પાટણા કન્યા શાળા

વર્ષ ૨૦૧૧-૧૨ દરમિયાન શ્રી પાટણા કન્યા શાળામાંથી તા.૩૧-૧૨-૨૦૧૧ થી ૩-૧-૨૦૧૨ સુધી દિ-૪ નો સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારનો શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ. આ પ્રવાસમાં શાળાના ધો. ૪ થી ૭ ના કુલ ૪૬ વિદ્યાર્થી અને ૧-શિક્ષિકાબેન, ૨-શિક્ષકભાઈઓ જોડાયા હતા.

અમો તા.૩૧-૧૨-૧૧ ની રાત્રિએ ૧૧-૦૦ કલાકે રવાના થયા. સવારે ૬-૦૦ કલાકે રણુજા પહોચ્યા. ત્યાં શ્રી રામદેવ પીરની આરતીના દર્શન કર્યા. ત્યાથી જામનગર પહોચ્યા અને ઈલે.સ્મશાન ગૃહની મુલાકાત લીધી. ત્યાંથી અમો દ્વારકા જવા રવાના થયા. ત્યાં રહેવાની વ્યવસ્થા કરી બેટદ્વારકાના દર્શનાર્થે નિકળ્યા. રસ્તામાં રૂક્ષમણી મંદિર, ગોપીનાથ તળાવ, નાગેશ્વર મહાદેવ ના દર્શન કર્યા. દ્વારકામાં રાત્રિ રોકાણ કરી સવારે શ્રી કૃષ્ણ ભગવાનના દર્શન કર્યા. બીજા દિવસે હરસિધ્ધિ માતાના સવારે ૯-૦૦ કલાકે દર્શન કર્યા. ત્યાંથી પોરબંદરના આકાશદર્શન, ભારત મંદિરની મુલાકાત લીધી. ત્યારબાદ સોમનાથ જવા રવાના થયા. રાત્રે ૮-૦૦ કલાકે મહાદેવ ના દર્શન કરી. ધર્મશાળામાં રાત્રિ રોકાણ થયું. ત્રીજા દિવસે ભાલકા તીર્થ, તલાલા સુગર ફેક્ટરી અને બપોરે સાસણગીરમાં દેવડીયા પાર્કમાં સિંહ દર્શન કર્યા. ત્યાંથી ઉપડી જૂનાગઢ રાત્રિ રોકાણ કર્યુ. ચોથા દિવસે જૂનાગઢ ના દર્શન કરી ઉપરકોટ, શક્કરબાગ, મ્યુઝીયમની મુલાકાત લીધી. ત્યાંથી પરબવાવ, વીરપુરના દર્શન કરી રાત્રે ૧-૦૦ વાગ્યે પાટણા પરત ફર્યા.

- કે. ડી. ડાંગશિયા, આચાર્ય, કન્યા શાળા, પાટણા.

ક્રોધનો સૌથી સારો ઉપાય મૌન છે.

# મારી કલા...

# વલભી બાલગુલાલ



કાર વનિતા રવજીભાઈ
હરિ-ૐ કન્યા શાળા, વલભીપુર.



કાર વનિતા રવજીભાઈ
હરિ-ૐ કન્યા શાળા, વલભીપુર.



પરમાર સુનિતા વિષ્નુભાઈ
ધો.૭, જુનારામપુર પ્રા.શાળા



કાર વનિતા રવજીભાઈ
હરિ-ૐ કન્યા શાળા, વલભીપુર.



કાર વનિતા રવજીભાઈ
હરિ-ૐ કન્યા શાળા, વલભીપુર.



ચૌહાણ ઉર્મિલા વી.
હરિ-ૐ કન્યા શાળા, વલભીપુર.



કાર વનિતા રવજીભાઈ
હરિ-ૐ કન્યા શાળા, વલભીપુર.

સદ્‌વિચાર આત્માની શુદ્ધી કરે છે.